# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૩/૦૯/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સુરતમાં ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ થઇ છે ત્યારે ખાલી જમીન ઉપર વૃક્ષો વાવવા જોઇએ, જન્મદિન પર કેક નહીં કાપો પણ એક વૃક્ષ વાવવા 'ફોરેસ્ટ મેન ઓફ ઇન્ડિયા' ડો. જાદવ પાયેન્ગનો સર્વેને અનુરોધ

## સ્કૂલ–કોલેજમાં નવું એડમીશન થાય ત્યારે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસે વૃક્ષારોપણ કરાવો, પર્યાવરણને બચાવવું હશે તો એજ્યુકેશન સિસ્ટમમાં પણ વૃક્ષારોપણ લાવવું પડશે : ડો. જાદવ પાયેન્ગ (મોલાઇ)

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડો. જાદવ પાયેન્ગ (મોલાઇ) સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયું, ડો. જાદવે વિદ્યાર્થીઓ સાથે સરસાણા ખાતે વૃક્ષારોપણ કર્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'ફોરેસ્ટ મેન ઓફ ઇન્ડિયા' તરીકે બિરૂદ પામેલા તેમજ પદ્મ શ્રીથી સન્માનિત આસામના ડો. જાદવ પાયેન્ગ (મોલાઇ) સાથે સોમવાર, તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ઇથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ફાઉન્ડીગ પ્રમોટર તેમજ મેનેજિંગ ડિરેકટર અશ્વિન દેસાઇ તથા અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના સુરત વિભાગના ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફિસર પુનીત નય્યર (આઇ.એફ.એસ.) અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, સુરતના રિજિયોનલ ઓફિસર ડો. જિજ્ઞાસા ઓઝા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસ જરૂરી છે તેમ પર્યાવરણનું સંતુલન પણ જરૂરી છે. એના માટે આપણે સૌએ પોતાની જાતને જગાડવી પડશે અને જો નહીં જાગીશું તો ભવિષ્યમાં આવનારી પેઢીના જીવન સામે ખતરો પેદા થશે. પર્યાવરણના સંતુલન માટે જંગલ ઉભા કરવા પડશે અને આ કોઇ એકની નહીં પણ બધાની જવાબદારી છે. તેમણે સેશનમાં ઉપસ્થિત સર્વેને આગ્રહ કર્યો હતો કે આ પ્રસંગે પ્રતિજ્ઞા લઇએ કે પોતપોતાના જન્મદિન પર વૃક્ષારોપણ કરીએ.

ડો. જાદવ પાયેન્ગ (મોલાઇ)એ જણાવ્યું હતું કે, પ્રકૃતિમાં જ ભગવાન છે તેથી પ્રકૃતિનું જતન કરવું જોઇએ. પશુ–પક્ષીઓ પ્રત્યે પ્રેમ હતો એટલા માટે વૃક્ષારોપણ કરવાની શરૂઆત કરી હતી. દરરોજ વહેલી સવારે ૩:૦૦ કલાકે ઉઠીને ઘરેથી ત્રણ કિલોમીટરનું અંતર કાપીને ખાલી જમીન ઉપર રોપા વાવ્યા હતા. ૪૦ વર્ષ બાદ આજે ૫૫૦ હેકટર જમીન ઉપર વિશાળ જંગલ ઉભું થઇ ગયું છે. આ મોલાઇ ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં પશુ – પક્ષીઓ રહે છે. આ ફોરેસ્ટની યુએસએ, ચાઇના, થાઇલેન્ડ તથા તાઇવાનથી વિદ્યાર્થીઓ મુલાકાતે આવી રહયા છે અને કલાયમેટ ચેન્જ વિષે રિસર્ચ કરી રહયા છે.

સુરતમાં ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ થઇ છે ત્યારે ખાલી જમીન ઉપર વૃક્ષો વાવવા જોઇએ. રોપા વાવ્યા બાદ તેને સુરક્ષિત રાખવા માટે યોગ્ય જતન કરીશું ત્યારે જ તે વૃક્ષ બની શકશે. વિશ્વમાં ફ્રાન્સ તથા દુબઇ જેવા દેશોમાં જાવું છું ત્યારે વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ માટે ખાસ અનુરોધ કરું છું. સ્કૂલ–કોલેજના મેનેજમેન્ટને પણ વિનંતી કરું છું કે જ્યારે પણ નવું એડમીશન થાય ત્યારે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસે વૃક્ષારોપણ કરાવો. પર્યાવરણને બચાવવું હશે તો એજ્યુકેશન સિસ્ટમમાં પણ વૃક્ષારોપણ લાવવું પડશે.

ભારતની ખાલી/પડતર જમીન ઉપર જંગલ ઉભું કરવું પડશે ત્યારે જ આવનારી પેઢી જીવી શકશે. વૃક્ષો નહી વાવીશું તો ઓકિસજનના અભાવે પશુ–પક્ષીઓના મૃત્યુ થશે અને તેમાં મનુષ્ય પણ બાકાત રહેશે નહીં. આથી તેમણે સેશનમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા લોકોને જન્મ દિવસ પર કેક નહીં કાપવા તથા તેને બદલે એક વૃક્ષ વાવવા માટે તેમજ બીજાને પણ રોપા આપવા માટે અનુરોધ કર્યો હતો.

અશ્વિન દેસાઇએ જણાવ્યું હતું કે ડો. જાદવ માત્ર ભારતમાં જ નહી પણ વિશ્વભરમાં પ્રેરણારૂપ છે. પુનીત નય્યરે જણાવ્યું હતું કે, યુનાઇટેડ નેશનના રિપોર્ટ મુજબ વૃક્ષોના નિકંદનને કારણે દર વર્ષે સમુદ્રના પાણીનું લેવલ ૩ એમએમ વધે છે. આ ઉપરાંત ટોપ સોયલની ફર્ટીલિટી ખતમ થઇ ગઇ છે. એક વૃક્ષ ૧૦૦ વર્ષમાં નિસ્વાર્થ ભાવે એક કરોડની વેલ્યુ આપે છે. આથી આવનારી પેઢી માટે વૃક્ષો વાવી પર્યાવરણને બચાવવું પડશે. ડો. જીજ્ઞાસા ઓઝાએ જણાવ્યું હતું કે, પૃથ્વી અને સમાજે આપણને ઘણું આપ્યું છે. આથી આપણે પણ વૃક્ષારોપણ કરીને પૃથ્વીને સારું પર્યાવરણ આપવું પડશે.

'ફોરેસ્ટ મેન ઓફ ઇન્ડિયા' ડો. જાદવ પાયેન્ગ (મોલાઇ)ની સાથે બપોરે ૩:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન સરસાણા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરની ૨૦ જેટલી સ્કૂલ–કોલેજના વિદ્યાર્થીઓએ ડો. જાદવ પાયેન્ગ સાથે વૃક્ષારોપણ કર્યું હતું અને વિવિધ પ્રકારના રોપાઓને વાવવા તથા સમયસર તેની જાળવણી માટેના ટિપ્સ પણ મેળવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સની એન્વાયરમેન્ટ/પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ તથા વોટર ટ્રિટમેન્ટ કમિટીના ચેરમેન કુન્હાલ શાહે ડો. જાદવ પાયેન્ગનો પરિચય આપ્યો હતો અને જણાવ્યું હતું કે, દેશનું ઇકોનોમિકસ અને

પર્યાવરણ એ ઇન્ટરકનેકટેડ છે. આવનારા વર્ષોમાં આર્થિક રીતે આગળ વધવું હશે અને દુનિયાની અગ્રીમ આર્થિક તાકાત બનવું હશે તો પર્યાવરણ ખૂબ અગત્યનો ભાગ ભજવી શકે છે. પર્યાવરણને સુધારવા માટે ફોરેસ્ટ એ સૌથી સારામાં સારો વિકલ્પ છે. ચેમ્બરના યંગ આંત્રપ્રિન્યોર સેલના કો–ચેરમેન ઉમંગ શાહે ઇન્ટરેકટીવ સેશનનું સંચાલન કર્યું હતું. સેશનમાં ડો. જાદવે વિદ્યાર્થીઓ તથા લોકોના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઉપ પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.